ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

રવિવાર ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬

ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની 79મી અને અમૂલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશનની 60મી વાર્ષિક સાધારણ સભા યોજાઇ

આણંદ અમૂલ ડેરીનું ટર્નઓવર 9.20 ટકા વધ્યું

સંઘે સરેરાશ 48.16 લાખ કિલોગ્રામ દૂધ પ્રતિદિન ગુણવત્તાસભર રીતે સંપાદિત કર્યુ

(પ્રતિનિધિ) આણંદ તા.17

ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (અમૂલ ડેરી)ની 79મી અને અમૂલ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશનની 60મી વાર્ષિક સાધારણ સભા શનિવારના રોજ ચેરમેન સાભેસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. જેમા ચેરમેને જણાવ્યું હતુ કે, આ એક સહયોગ જ છે, જેના કારણે અમૂલ ડેરીએ છેલ્લા 79 વર્ષમાં દેશના ડેરી ક્ષેત્રે ઉચ્ચ વિકાસ, ગુણવત્તા અને ઉત્પાદન ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શનો આપ્યાં છે. આ સાથે તેઓએ સરદાર વલ્લભભાઇ પટેલ, ત્રિભુવનદાસ પટેલ, ડો. વર્ગીસ કુરિયનને પણ યાદ કર્યાં હતાં.

આણંદ સ્થિત અમૂલ ડેરીની વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન સાભેસિંહ પરમારે જણાવ્યું હતું કે, વર્ષ દરમિયાન અમૂલ ડેરી સાથે અત્યાર સુધી 7 લાખથી વધુ દૂધ ઉત્પાદકો જોડાયેલા છે. જેમાંથી ચાર લાખથી વધુ દૂધ ઉત્પાદકો દરરોજ દૂધ ભરી પ્રગતિમાં યોગદાન આપી રહ્યા છે. માત્ર રૂ.100ની શેરપુંજીથી શરૂ થયેલી આ સહકારી સંસ્થા આજે 14 હજાર કરોડથી પણ વધુ ઉત્કૃષ્ટ વ્યવસાય સુધી પહોંચી છે. જે સહકારી મૂલ્યો, વિશ્વાસ અને પારદર્શકતાને પ્રતિબિંબિત કરી રહી છે. અમૂલા સાચા માલિક દૂધ ઉત્પાદક ખેડૂતો અને પશુ પાલકો જ છે. આ કારણે દરેક નિર્ણય, દરેક રૂપિયા અને

વ્યવહાર ખાલી નફા માટે જ નહીં. પરંતુ પશુપાલકોના હિતને કેન્દ્રમાં રાખી કરવામાં આવે છે.

વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષેસંઘને ત્રણ પ્રતિષ્ઠિત એવોર્ડ્સ અને સન્માનો મળ્યાં છે. જેમ કે, ઊર્જા વ્યવસ્થાપનમાં ઉત્કૃષ્ટતા બદલ, ખેડા સેટેલાઇટ ડેરી, સીમેન સ્ટેશન, ઓડને ભારત સરકાર દ્વારા ઉચ્ચ ગુણવત્તા માટે સન્માન કરાયું છે. આ ઉપરાંત સંઘે સરેરાશ 48.16 લાખ કિલોગ્રામ દૂધ પ્રતિદિન ગુણવત્તાસભર રીતે સંપાદિત કર્યુ છે. સંઘનું ટર્નઓવર 14,099 કરોડ પાર કરી ગયું છે. જે ઇતિહાસમાં સૌથી વધુ છે અને ગયા વર્ષની તુલનામાં 9.20 ટકા વૃદ્ધિ દર્શાવે છે. પ્રતિ કિલો ફેટ માટે રૂ.1028 જેટલી ચુકવણી કરવામાં આવી છે, જે અગાઉની તુલનામાં 9.39 ટકા વધારે છે. જ્યારે 98થી વધુ પરિવારોને વીમા સહાય તરીકે રૂ.બે કરોડથી વધુ લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત પર્યારણ સંરક્ષણ અને ઊર્જા બચત માટે સોલર પાવર જનરેશન પ્રોજેક્ટ, રેઇન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, નાના બાયોગેસ પ્લાન્ટ અને ભવિષ્યમાં વધુ પ્લાન્ટ સ્થાપવાની યોજનાને પ્રાધ્યાન આપવા જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ દરમિયાન સંઘે લીલા ઘાસચારા બિયારણ, મિલ્કિંગ મશીન, એઆઈ સાધનો અને અન્ય સાધનો જેવી યોજનાઓ દ્વારા દૂધ ઉત્પાદકોને વિદેશી અને આંતરરાજ્ય સ્તરે દૂધ સંપાદન વિસ્તરણ માટે સક્રિય પગલા ભર્યા છે. વર્ષ દરમિયાન પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, પંજાબ, આંધ્રપ્રદેશ, આસામ, તમિલનાડુ અને નવા રાજ્યો કર્ણાટક અને ઓરિસ્સામાં દૂધ સંપાદન પ્રક્રિયા શરૂ થવાની જાહેરાત કરવામાં આવી હતી. આણંદ ખાતે વધતી પુરવઠા ક્ષમતા માટે નવા આરઓ અને સોફ્ટ વોટર પ્લાન્ટ, ઓટોમેટિક મિલ્ક સેમ્પલીંગ સિસ્ટમ વગેરે ઉદ્યોગિક સુવિધા અંગે પણ ચર્ચા કરાઇ હતી.

આ વાર્ષિક સાધારણ સભાના બધા જ એજન્ડાના કામોનો સર્વાનુમત્તે મંજુર કરવામાં આવ્યાં હતાં અને બધી જ દૂધ મંડળીઓ દ્વારા ભવિષ્યના વિકાસ માટે પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી હતી. આ સભાના અંતે અમૂલ ડેરીના ડિરેક્ટર રાજેશભાઇ પાઠક દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ સભામાં અતિથિ વિશેષ તરીકે કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, સાંસદ મિતેષભાઈ પટેલ, દેવુસિંહ ચૌહાણ, રાજપાલસિંહ જાદવ હાજર રહ્યાં હતાં. જ્યારે આણંદ જિલ્લાના ધારાસભ્યો, કેડીસીસી બેન્કના ચેરમેન તેજસભાઈ પટેલ, અમૂલ ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર ડો. જયેન મહેતા વિગેરે હાજર રહ્યાં હતાં.

અમૂલના સીમેન સ્ટેશનને કેન્દ્ર સરકારે એ-ગ્રેડ સર્ટીફિકેટ આપ્યું

અમૂલ ડેરીના ચેરમેન સાભેસિંહ પરમારે જણાવ્યું હતું કે, સોર્ટેડ સેક્સ સિમેન અને એમ્બ્રોયો ટ્રાન્સફર ટેકનિક દ્વારા સારા પરિણામો પ્રાપ્ત થયા છે, સાથે જ સિમેન વેચાણમાં પણ વધારો જોવા મળ્યો છે. સંઘે આજદિન સુધી 10 લાખથી વધુ સોર્ટેડ સેક્સ સિમેનનો વપરાશ કર્યો છે. જે દેશમાં સૌથી વધુ છે. અમૂલના સીમેન સ્ટેશનને કેન્દ્ર સરકાર દ્વારા એ-ગ્રેડ સર્ટિફિકેટ મળ્યું છે. જ્યારે 3894 જેટલા ભ્રુણ પ્રત્યારોપણ સફળ રહ્યાં છે,જેના કારણે 618 ઉચ્ચ દૂધ ક્ષમતાવાળા બચ્ચાનો જન્મ થયો છે.

અમૂલે 6 .96 લાખ પશુને સારવાર પુરી પાડી

આણંદ અમૂલ ડેરી દ્વારા 14 પશુ ચિકિત્સા કેન્દ્ર પર 6.96 લાખ પશુઓને ઘરઆંગણે સારવાર પુરી પાડી છે. લગભગ બે હજારથી વધુ ગાયને ડિજિટલ કાઉ બેલ્ટ આપવામાં આવ્યા છે અને આવનારા વર્ષમાં આ સંખ્યાં પાંચ હજારથી વધુ કરવાનું આયોજન છે. સંઘ દ્વારા 'વાછરડી ઉછેર યોજના' અને ટીએમઆર પ્લાન્ટ જેવા પ્રોગ્રામોને પણ મહત્વ આપવામાં આવ્યું છે, જેના દ્વારા પશુપાલકોને વધુ પોષણ અને ઉત્પાદન માટે ટેકનિકલ સહાય આપવામાં આવી રહી છે.

નડિયાદના મલારપુરા વિસ્તારના યુવકને થયેલો ઝઘડો લોહીયાળ બન્યો

નડિયાદમાં સમાધાનના બહાને યુવકને બોલાવી ખંજર હુલાવ્યું

સમાધાન માટે બોલાવ્યો અને પેટમાં ખંજર ઝીંકતા આંતરડા બહાર નીકળી ગયા

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

નડિયાદના મલારપુરા વિસ્તારમાં રહેતા 20 વર્ષીય ધ્રુવ રજનીકાંત રાવળ નામના યુવક પર સમાધાન કરવાના બહાને બોલાવી બે શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ હુમલામાં યુવકને પેટના ભાગે ખંજરનો ગંભીર ઘા વાગતા તેના આંતરડા બહાર નીકળી ગયા હતા. હાલમાં યુવક વડોદરાની એસ.એસ.જી. (SSG) હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, ગત 16 જાન્યુઆરીના રોજ રાત્રે 11 વાગ્યાની આસપાસ ફરિયાદી ધ્રુવ રાવળ મલ્હારપુરા રોડ પર ઉભો રહી બૂમો પાડતો હતો. તે સમયે ત્યાં રહેતા જયેશ વાસુદેવ તળપદાએ "અહીંયા કેમ બૂમો પાડે છે?" તેમ કહી ધ્રુવને બે-ત્રણ લાફા મારી દીધા હતા. આ બાબતે ધ્રુવે જયેશના કાકા ગોપાલ ઉર્ફે નાનકા તળપદાને ફોન કરીને ફરિયાદ કરી હતી. રાત્રિના આશરે 1 વાગ્યે ગોપાલ ઉર્ફે નાનકાએ ધ્રુવને ફોન કરીને જયેશ સાથે સમાધાન કરાવવા માટે પોતાના ઘરે બોલાવ્યો હતો. ધ્રુવ જ્યારે ગોપાલના ઘરે પહોંચ્યો, ત્યારે ગોપાલે તેને પકડી રાખ્યો હતો અને તે દરમિયાન જયેશ તળપદા હાથમાં ખંજર લઈને દોડી આવ્યો હતો. જયેશે ધ્રુવના પેટના વચ્ચેના ભાગે તથા બંને પગની જાંઘ પર ખંજરના ઘા ઝીંકી દીધા હતા. હુમલો કર્યા બાદ આરોપીઓ ત્યાંથી નાસી ગયા હતા. ગંભીર રીતે ઘવાયેલો ધ્રુવ લોહીલુહાણ હાલતમાં ચાલતો પોતાના ઘરે પહોંચ્યો હતો અને પરિવારને જાણ કરી હતી. તેના બહેન અને બનેવી તેને તુરંત નડિયાદ સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ ઈજા ગંભીર હોવાથી તેને વધુ સારવાર માટે વડોદરાની સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ત્યાં તેનું તાત્કાલિક ઓપરેશન કરવામાં આવ્યું હતું. નડિયાદ ટાઉન પોલીસે આ મામલે જયેશ વાસુદેવ તળપદા અને ગોપાલ ઉર્ફે નાનકો તળપદા વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે

નડિયાદ પશ્ચિમમાં દબાણો દુર કરાયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.17

શહેરના પશ્ચિમ વિસ્તારમાં ટ્રાફિકનું ભારણ જે રસ્તા પર રહે છે તેવા રિંગ રોડને આધુનિક ઢબે વિકસાવવા માટે તંત્ર સજ્જ બન્યું છે. પરંતુ ઈન્દિરાનગરી વિસ્તારમાં રોડની બંને સાઈડ પર સ્થાનિકો અને અન્ય ઈસમો દ્વારા મોટા પાયે દબાણ કરવામાં આવ્યું હતું. અહીં આડેધડ પતરાના શેડ ઉભા કરી દેવામાં આવ્યા હતા અને ભંગારના ગોડાઉન જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. આ દબાણોના કારણે રસ્તો સાંકડો બનતો હતો. આ સ્થિતિ નિવારવા માટે મનપાની દબાણ શાખાની ટીમે પોલીસ બંદોબસ્ત કે સુરક્ષા વ્યવસ્થાની જરૂરિયાત મુજબ તૈયારી સાથે સવારથી જ કામગીરીનો પ્રારંભ કર્યો હતો. સાંજ સુધી ચાલેલી કામગીરીમાં અંદાજે બે કિલોમીટરના વિસ્તારમાં આવતા તમામ દબાણો અને પતરાના શેડ હટાવી લેવામાં આવ્યા હતા.

સેવાલિયા પાસે 8 નવી કાર કન્ટેનર સાથે બળીને ખાખ

ગળતેશ્વરના રોઝવા ગામ પાસે આવેલી આકાશ હોટલના મેદાનમાં કન્ટેનર પાર્ક કરીને ડ્રાઈવર આરામ કરી રહ્યો હતો. તે દરમિયાન વહેલી સવારે અચાનક આગ લાગતા મેદાનમાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો, જોકે આગની ઝપેટમાં આવતા તેના પાછળના ભાગના વાળ બળી ગયા હતા. સવારે અંદાજે 6.45 કલાકે જ્યારે આગ લાગી ત્યારે ડ્રાઈવરે તાત્કાલિક 112 નંબર પર ડાયલ કરીને મદદ માંગી હતી. આ ઘટનાની જાણ થતા જ સેવાલીયા પોલીસની ટીમ ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા કન્ટેનર અને તેમાં રહેલી તમામ 8 કાર લોખંડના માળખામાં ફેરવાઈ ગઈ હતી. સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક ફાયર ફાઈટરને બોલાવવામાં આવ્યા હતા. અગ્નિશમન દળના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે, આ આખી ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, પરંતુ આર્થિક રીતે મોટું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. ટ્રાન્સપોર્ટની દ્રષ્ટિએ આ એક મોટો અકસ્માત માનવામાં આવી રહ્યો છે. હાલ આ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

આણંદ નજીક વાહનની ટક્કરે વૃધ્ધનું કરૂણ મોત

વડોદરાના વૃદ્ધને દીકરીને ઘરે મળવા જતી વખતે કાળ આંબી ગયો

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદ જિલ્લાના નાવલીથી નાપાડ જવાના માર્ગ પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. અજાણ્યા વાહને બાઈકને જોરદાર અડફેટે લેતા, પોતાની દીકરીના ઘરે જઈ રહેલા વૃધ્ધનું મોત નીપજ્યું છે.

વડોદરામાં મિનરલ વોટરનો વ્યવસાય કરતા અજય અજીતભાઈ રાઠોડના પિતા અજીતસિંહ કેસરીસિંહ રાઠોડ (ઉ.વ. 72) 15મી જાન્યુઆરીના રોજ પોતાની દીકરી નમીશાને મળવા માટે નાપાડ જવા નીકળ્યા હતા. રાત્રિના પોણા નવેક વાગ્યાના સુમારે, જ્યારે તેઓ નાવલીથી નાપાડ જવાના રસ્તા પર ઉમાવે બ્રિજ સામેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે એક અજાણ્યા વાહને તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ અજીતસિંહને તાત્કાલિક 108 મારફતે આણંદની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે તેમની સાથે બાઈક ચલાવી રહેલા મનહર સાયસિંગભાઈ રાઠોડને પણ ઘવાયાં હતાં. કમનસીબે, ટૂંકી સારવાર બાદ ડોક્ટરોએ અજીતસિંહ રાઠોડને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ સંદર્ભે અજયભાઈએ અકસ્માત સર્જીને નાસી છૂટનાર અજાણ્યા વાહન ચાલક સામે આણંદ રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

કપડવંજમાં ત્રણ વર્ષથી વણઉકેલાયેલી સમસ્યાથી રહીશો ત્રાહિમામ

કપડવંજના ગોપાલપુરામાં પીવાના પાણીમાં ગટરની દુર્ગંધથી ઉગ્ર રોષ

પાણી અને ગટરની લાઈનોમાં લીકેજને કારણે રોગચાળો ફાટવાની ભીતિ

(પ્રતિનિધિ) કપડવંજ તા.17

કપડવંજના ડાકોર રોડ પર આવેલા ગોપાલપુરા વિસ્તારના રહીશો છેલ્લા ત્રણ વર્ષથી પીવાના પાણીમાં ગટરના પાણીની મિલાવટની સમસ્યાથી પીડાઈ રહ્યા છે. નગરપાલિકાના વહીવટકર્તાઓને વારંવાર રજૂઆત કરવા છતાં આ ગંભીર સમસ્યાનું આજદિન સુધી કોઈ નિરાકરણ આવ્યું નથી. હાલમાં સ્થિતિ એવી છે કે જ્યારે નળમાં પાણી આવે છે ત્યારે તે અત્યંત ડહોળું અથવા ગટરની તીવ્ર વાસવાળું હોય છે, જેના કારણે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કપડવંજના શહેરમાં ઠેર-ઠેર પીવાના પાણીની લાઈનોમાં લીકેજ જોવા મળે છે. જ્યારે પાણી છોડવામાં આવે ત્યારે નળ અને ગટર બંને લાઈનો લીકેજ હોવાને કારણે ગંદુ પાણી પીવાના પાણીમાં ભળી જવાની પૂરેપૂરી શક્યતા છે. આ દૂષિત પાણીને કારણે શહેરમાં પેટના દર્દો અને ઝાડા-ઊલટીના કેસોમાં વધારો થયો છે અને દવાખાનાઓમાં

આવા દર્દીઓની સંખ્યા વધી રહી છે. જો આ સમસ્યાનું સત્વરે નિરાકરણ નહીં આવે તો શહેરમાં જળજન્ય રોગચાળો વકરે તેવી દહેશત છે.

કપડવંજ નગરની અનેક મુખ્ય ગટર લાઈનો દર 15 દિવસે ઉભરાતી રહે છે. નાગરિકોનો આક્ષેપ છે કે, નગરપાલિકા માત્ર જે ગટર ઉભરાય તેને જ સાફ કરે છે, પરંતુ તેની જગ્યાએ સંપૂર્ણ ગટર લાઈન પ્રેશર દ્વારા સાફ કરવામાં આવે અને જૂની લાઈનોનું મરામત કામ કરવામાં આવે તે જરૂરી છે. પાઈપલાઈનોમાં લીકેજ હોવાથી મેઈન લાઈનની ચેમ્બરોની અંદરથી મરામત કરવી પણ અનિવાર્ય બની છે. કપડવંજ નગરપાલિકા સત્તાધીશો આ ગંભીર પ્રશ્ને ક્યારે જાગશે અને નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી ક્યારે મળશે તે હવે જોવાનું રહ્યું.

નાપા તળપદની કંપનીમાં ચોરી, બે કર્મી પકડાયાં

સિક્યુરિટી ચેકિંગ દરમિયાન ચોરીનો પર્દાફાશ થયો

(પ્રતિનિધિ) આણંદ તા.17

બોરસદના નાપા તળપદ ખાતે આવેલી રોટોમોટીવ પાવરટ્રાઈવ્સ પ્રા.લી. કંપનીમાં ફરજ બજાવતા બે કોન્ટ્રાક્ટ કર્મચારીઓ દ્વારા કંપનીના સામાનની ચોરી કરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગત 16મી જાન્યુઆરી, 2026 ના રોજ સાંજે ડ્યુટી પૂરી કરી ઘરે પરત ફરતી વખતે ગેટ પર સિક્યુરિટી ચેકિંગ દરમિયાન આ બંને શખ્સો પાસેથી રૂ. 14,800ની કિંમતના કેબલ ગ્લેન્ડ મળી આવતા ચકચાર મચી છે.

પેટલાદના રહેવાસી દિક્ષીત ડાહ્યાભાઈ પરમાર, જે કંપનીમાં મોટર કનેક્શનનું કામ કરતો હતો, અને તેની સાથે હેલ્પર તરીકે ફરજ બજાવતો સીમરડાનો નિકુલભાઈ ચંદુભાઈ પરમાર આ ચોરીમાં સંડોવાયેલા હતા. સાંજે સાડા છ વાગ્યાના સુમારે જ્યારે તેઓ કંપનીમાંથી બહાર નીકળી રહ્યા હતા, ત્યારે સિક્યુરિટી સુપરવાઈઝરે શંકાના આધારે તેમની તપાસ કરી હતી.

પ્રાતમિક તપાસ દરમિયાન દિક્ષીત અને નિકુલ પાસેથી 25 નંગ કેબલ ગ્લેન્ડ અને 3 નંગ એમ-32 સાઈઝના કેબલ ગ્લેન્ડ મળી આવ્યા હતા. આમ, કુલ 28 નંગ કેબલ એસેસરીઝ, જેની અંદાજિત કિંમત રૂ. 14,800 થાય છે, તેની ચોરી કરતા બંનેને સ્થળ પર જ ઝડપી પાડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે કંપનીમાં સિવિલ એન્જિનિયર તરીકે કાર્યરત મુકેશભાઈ ચૌહાણે બોરસદ રૂરલ પોલીસ સ્ટેશનમાં વિધિવત ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આણંદમાં એક નાનકડા છાપખાનાએ આખા વિસ્તારની તસવીર બદલી

એશિયાના સર્વશ્રેષ્ઠ પ્રેસમાં સ્થાન પામનાર સંસ્થાને સો વર્ષ પૂર્ણ થયાં

(પ્રતિનિધિ) આણંદ તા.17

આણંદના ગામડી ગામે વર્ષ 1926માં સાવ નાના પાયે ખ્રિસ્તી ધાર્મિક સાહિત્ય છાપવા માટે સ્પેનિશ મિશનરીઓ દ્વારા આણંદ પ્રેસની સ્થાપના કરવામાં આવી હતી. આજે સો વર્ષ પૂર્ણ કરી રહેલી આ સંસ્થાએ માત્ર પુસ્તકો જ નથી છાપ્યા, પરંતુ આખા વિસ્તારની સામાજિક અને આર્થિક કાયાપલટ કરી છે. આજે પાધરીયા અને તેની આસપાસ જે વિકાસ દેખાય છે, તેની પાછળ આ સંસ્થાનો સિંહફાળો રહ્યો છે.

આણંદમાં પ્રેસની શરૂઆતમાં ભારતીય બનાવટના હાથેથી ચાલતા મશીનો હતા, પરંતુ મિશનરીઓના પુરુષાર્થ અને વિદેશી સહાયથી પ્રેસનો વિકાસ 'જેટ' ગતિએ થયો. બ્રધર એબ્રિલ દ્વારા લવાયેલા વિદેશી 'હીડલબર્ગ' ઓટોમેટિક મશીનો અને બાદમાં આવેલા ઓફસેટ મશીનોએ પ્રિન્ટિંગની ગુણવત્તામાં

ક્રાંતિ લાવી હતી. એક સમયે આણંદ પ્રેસ એશિયામાં બીજા નંબરનું સૌથી શ્રેષ્ઠ કામગીરી ધરાવતું પ્રેસ ગણાતું હતું. અહીં અમુલ ડેરી, એનડીડીબી, સરદાર પટેલ યુનિવર્સિટી અને ઓક્સફર્ડ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓનું કામ થતું હતું.

પ્રેસમાં 37 વર્ષ સુધી ફરજ બજાવનારા એલેક્ઝાન્ડર ઉર્ફે મનુભાઈ પરમારના જણાવ્યા મુજબ, પ્રેસ તેના કર્મચારીઓ માટે બીજી માં સમાન છે. અહીં કર્મચારીઓને અમુલ, બરોડા મીટર અને એલીકોન જેવું ઉચ્ચ પગાર ધોરણ મળતું હતું. અગાઉના સમયમાં વર્ષમાં છ વખત બોનસ અપાતું, બાળકોની સ્કૂલ ફી અને અનાજ ભરવા માટે પણ આર્થિક મદદ કરવામાં આવતી હતી. પ્રેસના કારણે જ હજારો પરિવારો પોતાના મકાન બનાવી શક્યા છે.

સંસ્થાએ માત્ર રોજગારી જ નહીં, પણ રહેઠાણની સમસ્યા પણ ઉકેલી હતી. કર્મચારીઓ માટે પ્રેસપુરા, બેન્ક કોલોની, શ્રેયસ કોલોની, ભાવના કોલોની અને ઝેવિયર નગર જેવી વસાહતો ઊભી કરવામાં આવી હતી. આ ઉપરાંત, ગામડાના યુવાનોને પ્રેસમાં કામ શીખવવા માટે એપ્રેન્ટિસશિપ અને રહેવાની સુવિધા પણ અપાતી, જેથી તેઓ બહાર પણ કુશળ કારીગર તરીકે નોકરી મેળવી શકતા. આણંદ પ્રેસ માત્ર વ્યવસાયિક કામગીરી પૂરતું મર્યાદિત નહોતું. નાતાલ સહિતના તહેવારો પર સામાજિક સંદેશ આપતા નાટકો ભજવવામાં આવતા, જે જોવા માટે દૂર-દૂરથી લોકો આવતા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225